# 10 ગ્રામવિકાસ અને સરકાર

## પ્રાસ્તાવિક

બીજા વિશ્વયુદ્ધ બાદ ઘણા દેશો રાજકીય ગુલામીમાંથી મુક્ત થયા. રાજકીય રીતે સ્વતંત્ર થયા બાદ આર્થિક રીતે સ્વતંત્ર-સમૃદ્ધ થવા આ દેશોએ આર્થિક વિકાસનો આયોજકો દ્વારા વિશિષ્ટ પ્રયાસ કર્યો. દુનિયા વિકાસની દૃષ્ટિએ બે વિભાગમાં વહેંચાઈ ગઈ. એક બાજુએ યુ.એસ.એ., જાપાન, યુ.કે., ફ્રાંસ, જર્મની જેવા વિકસિત દેશો છે જે 'પ્રથમ વિશ્વના દેશો' તરીકે ઓળખાય છે. રાષ્ટ્રીય આવક, માથા દીઠ આવક, ટેક્નોલૉજિકલ વિકાસ વગેરે દૃષ્ટિએ આ દેશો ખૂબ આગળ છે. બીજા વિશ્વના દેશોમાં સામ્યવાદી દેશો રશિયા, ચીન, યુગોસ્લાવિયા વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે બીજી બાજુએ વિશ્વના મોટા ભાગના આશરે 2/3 જેટલા દેશો એશિયાના ભારત, પાકિસ્તાન, આફ્રિકા અને લૅટિન અમેરિકાના દેશો આવેલા છે જે દેશો આર્થિક રીતે પછાત છે. તેમની રાષ્ટ્રીય આવક, માથા દીઠ આવક અને ટેક્નોલૉજિકલ વિકાસ અલ્પ છે. આવા દેશોને 'અલ્પવિકસિત દેશો' કહેવામાં આવે છે. આ દેશોને 'ત્રીજા વિશ્વના દેશો' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ અલ્પવિકસિત દેશોમાં પણ જેઓ વધુ અલ્પવિકસિત છે તેમને 'ચોથા વિશ્વના દેશો' તરીકે ઓળખવામાં આવે છે જેમાં ઈથોપિયા, ભુતાન, ઝૈર, બંગલાદેશ વગેરે ગણાવી શકાય.

વિશ્વના દેશોના પરિપ્રેક્ષમાં જોઈએ તો ભારતની પ્રથમ પંચવર્ષીય યોજનાની રૂપરેખામાં આયોજનપંચે અલ્પવિકસિત દેશની વ્યાખ્યા આપતાં જણાવેલ છે કે, 'જે દેશોમાં એક બાજુએ વત્તા કે ઓછા અંશે વણવપરાયેલ માનવશક્તિ અને બીજી બાજુએ ઉપયોગમાં લેવામાં ન આવ્યાં હોય તેવાં નૈસર્ગિક સાધનો ઉપલબ્ધ હોય તે અલ્પવિકસિત દેશ છે.'

1950માં ભારતમાં 'આયોજનપંચ'ની સ્થાપના થઈ. વડા પ્રધાનની રૂએ પંડિત જવાહરલાલ નહેરુ તેના અધ્યક્ષ થયા. ભારતના અગ્રગણ્ય ઉદ્યોગપતિઓ, નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ અને આયોજન તેમજ આર્થિક વિકાસના ક્ષેત્રે અગ્રગણ્ય ગણાતી વ્યક્તિઓ આયોજનપંચમાં સમાવિષ્ટ કરાઈ અને 'આયોજન-પંચ'ની ભલામણ અનુસાર ભારતમાં 1951થી 'પ્રથમ પંચવર્ષીય યોજના' અમલમાં આવી જેથી ભારતમાં આયોજનયુગનો પ્રારંભ થયો. આયોજનમાં વિનોબાજીએ દક્ષિણ ભારતથી પદયાત્રા કરી દિલ્હી આયોજન-પંચમાં સૂચવ્યું કે આયોજનમાં ગ્રામકેન્દ્રી આયોજન કરો.

ત્યારપછી પંચવર્ષીય યોજનાઓમાં ગ્રામવિકાસનો વિચાર કરવામાં આવ્યો. કારણ કે ભારતમાં મોટા ભાગનાં ગામો અપૂર્ણ વિકાસનું ચિત્ર રજૂ કરે છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય ગ્રામીણ વિકાસ અને ગરીબી ઉન્મૂલન માટેની કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાઓનું આયોજન અને અમલ કરે છે.

ગ્રામીણ વિકાસની બાબતમાં જાહેર જનતાની જાગૃતિમાં માત્રાત્મક અને ગુણાત્મક વધારો કરીને સાર્વત્રિક જાગૃતિની સાથોસાથ આ કાર્યક્રમોમાં તમામ વર્ગોના લોકોની સક્રિય ભાગીદારી પણ અનિવાર્ય છે અને તેના અનુસંધાનમાં 1952માં દેશના કેટલાક જિલ્લાઓમાં લોકોની ભાગીદારી ધરાવતી સામુદાયિક વિકાસ યોજનાઓ અમલમાં મુકાઈ. લોકો આ કાર્યક્રમોથી પૂરેપૂરા માહિતગાર હશે અને એમનાં ગામોનું સ્વરૂપ સુધારવામાં ભાગ લેતા થશે તો ગ્રામવિકાસ એક વાસ્તવિકતા બની રહેશે. પંચવર્ષીય યોજનાઓએ દેશના સમગ્ર વિકાસમાં અદ્ભુત પ્રગતિ સાધીને અનાજ, રાસાયણિક ખાતર, સિંચાઈ વગેરે યોજનાઓ દ્વારા પાણી, યાતાયાતનાં સાધનો, માળખાકીય સવલતો વગેરે ક્ષેત્રે સ્વાવલંબન સિદ્ધ કર્યું. દેશની મહાન રાષ્ટ્રીય

વિકાસ યોજનાઓ દ્વારા કૃષિ, ઉદ્યોગ, વાહનવ્યવહારક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓએ આઝાદી પછી દેશની સમૃદ્ધિમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, તેથી તો જનતાએ આ વિકાસકેન્દ્રોને નૂતન ભારતનાં યાત્રાધામો તરીકે નવાજ્યાં છે.

વિશાળકાય રાષ્ટ્રીય યોજનાઓના મુકાબલે આયોજનમાં ગામડું વિસરાઈ જાય છે એવી લાગણીને પ્રાધાન્ય આપી, ગ્રામવિકાસના કાર્યક્રમોમાં ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકાઈ તે જોઈએ.

**(1) ગ્રામપંચાયત :**

આગળના પ્રકરણમાં જોયું કે પંચાયતી રાજ પદ્ધતિ પાયાના સ્તરે સ્વશાસન ચલાવવા માટે ખૂબ જ મહત્ત્વની પદ્ધતિ છે. ત્રિસ્તરીય પંચાયતી માળખામાં ગ્રામપંચાયતનું મૂળભૂત સ્થાન છે. 1992ના બંધારણીય સુધારામાં ગ્રામસભાને બંધારણીય દરજ્જો મળ્યો છે. આ ધારા હેઠળ દર પાંચ વર્ષે પંચાયતોની નિયમિત ચૂંટણી વ્યવસ્થા, અનુસૂચિત જાતિઓ - જનજાતિઓ માટે બેઠકોના આરક્ષણની જોગવાઈ, મહિલાઓ માટે 33 %થી ઓછી નહિ એટલી બેઠકોની જોગવાઈ કરી છે.

શિક્ષણ, આરોગ્ય અને કૃષિ વગેરે 29 વિષયોની બાબતમાં પંચાયતી રાજ મહત્ત્વની ભૂમિકા વિશે આગળના પ્રકરણમાં વિગતે આપણે જોયું છે. પંચાયતી રાજ સંસ્થાઓને પૂરતી વહીવટી તેમજ નાણાકીય સત્તાઓની સોંપણી માટે રાજ્યસરકારોને સતત કહેવામાં આવી રહ્યું છે.

ભારત સરકાર પણ ઠેઠ ગ્રામસ્તર સુધી સત્તાનું વિકેન્દ્રીકરણ થાય એ માટે આતુર છે. લોકશાહીમાં ગ્રામ-પંચાયતો અને ગ્રામસભાઓ મહત્ત્વની સંસ્થાઓ છે. આ ગ્રામસભાઓએ જ ગરીબીરેખાથી નીચેનાં કુટુંબોની યાદીને મંજૂરી આપવાની હોય છે. ઇન્દિરા આવાસ યોજના, પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના, ગ્રામીણ આવાસ અને સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના, અન્નપૂર્ણા યોજના, રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના વગેરે જેવી ગ્રામીણ ગરીબો માટેની જુદી જુદી યોજનાઓ છે.

**(2) જવાહર ગ્રામસમૃદ્ધિ યોજના :**

આપણે સહુ ઇચ્છીશું કે આપણાં ગામો સ્વચ્છ, સ્વાવલંબી અને તમામ માળખાકીય સવલતોથી સજ્જ હોય. સરકારે 1 એપ્રિલ 1999થી શરૂ કરેલ જવાહર ગ્રામસમૃદ્ધિ યોજનાનો ઉદ્દેશ ગામડાંના લોકો પોતાની સ્થાનિક જરૂરિયાત મુજબ ગ્રામમાળખાકીય સુવિધાને સુદૃઢ કરીને ટકાઉ અસ્કયામતોને ઊભી કરી શકે. આ શરૂ કરેલ કામોથી ગામડાંઓના ગરીબોને લાભદાયક રોજગાર મળે છે.

આ કાર્યક્રમોને ગ્રામસભાની મંજૂરીથી ગ્રામપંચાયતો અમલમાં મૂકે છે. ભારત સરકાર D.R.D. AS/ ZPS જિલ્લાપરિષદોને નાણાં આપે છે. ત્યારપછી એ નાણાં સીધાં ગ્રામપંચાયતોને અપાય છે. ગામમાં જે માળખાકીય સવલત માટે કામો કરવાનાં હોય એ માટે ગ્રામપંચાયતો કાર્યયોજના તૈયાર કરીને ગ્રામસભા પાસેથી મંજૂર કરાવે છે. ગ્રામસભાની મંજૂરી એટલે જોઈએ છે કે આ યોજના હેઠળ ઊભી કરવામાં આવેલી અસ્ક્યામતો આખાય ગ્રામસમુદાયની જરૂરિયાત મુજબની હોય છે.

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં ગરીબીરેખાથી નીચે જીવન ગુજારતાં અને શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓને અગ્રપસંદગી અપાય છે. 30 % જેટલી રોજગારીની તકો મહિલાઓ માટે અનામત હોય છે.

ગ્રામસભા કોઈ પણ કામ પસંદ કરી શકે છે. જે ક્ષેત્રોમાં અનુસૂચિત જાતિઓ - અનુસૂચિત જનજાતિઓનાં લોકો રહેતાં હોય એવા ક્ષેત્રનાં કામોને અગ્રપસંદગી આપવી જોઈએ અને 22.5 % ખર્ચ ફક્ત તેમના લાભ

માટે થવો જોઈએ. ગ્રામસભાની મંજૂરીથી ગ્રામપંચાયતો રૂા. 50,000/- સુધીના ખર્ચની યોજનાઓનાં કામ પોતે જાતે જ હાથમાં લઈ શકે છે. ગ્રામપંચાયતો પણ વહીવટી ખર્ચાઓ માટે અથવા ટેક્નિકલ સલાહમંત્રણા માટે યોગ્ય વ્યક્તિઓ ન હોય તો ગ્રામપંચાયતોને રૂા. 7500/- અથવા ભંડોળના 7.5 % સુધીનો ખર્ચ કરવાની પરવાનગી અપાય છે.

**(3) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :**

શહેરી ભારત અને ગ્રામીણ ભારત વચ્ચે એક મોટું અંતર છે. ગામડાં પ્રગતિના માર્ગમાં પોતાનાં કદમ સાથે નથી રાખી શક્યાં. ગામડાંઓ સાથે સંપર્ક અને વિકાસ વચ્ચે સડક યોજનાનો ગાઢ સંબંધ છે જે વેપાર, રોજગાર, શિક્ષણ અને આરોગ્ય જેવાં અનેક ક્ષેત્રોમાં પાયાની સગવડ પૂરી પાડે છે.

છેલ્લા પાંચ દાયકાઓમાં ગ્રામીણ રસ્તાઓની લંબાઈ અને પહોળાઈ વધતી રહી છે તેમ છતાં ભારતનાં 40 % ગામો સડકસંપર્કથી વંચિત છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે જોઈતાં નાણાં પૂરેપૂરાં ભારત સરકાર જ આપે છે.

**(4) રુરલ હાઉસિંગ :**

માનવજીવનની પ્રથમ જરૂરિયાતો પૈકી એક પોતાના રહેઠાણની છે. પક્ષીઓને પણ પોતાનો માળો હોય છે. હરકોઈ વ્યક્તિ એવું ઈચ્છે છે એને પોતાનું ઘરનું ઘર હોય. દેશમાં દરેકને પોતાનું ઘર નસીબમાં નથી હોતું. કેટલાય લોકો ફૂટપાથ પર જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે. મોટાં શહેરોના માળાઓમાં અને ઝૂંપડપટ્ટીઓમાં પ્રાથમિક જરૂરિયાતોના અભાવપૂર્ણ જીવનમાં સબડે છે. જોકે સરકારનું ધ્યેય 'સર્વને માટે આવાસ છે જ'.

ગ્રામીણ ગરીબો માટે ઇન્દિરા આવાસ યોજના અને પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના અમલમાં મુકાયેલી છે જેઓનાં નામો ગરીબીરેખાથી નીચેનાં કુટુંબોની યાદીમાં ગ્રામસભાએ પસંદ કરેલા હોય તેઓને એક ઘર બાંધવા માટે પ્રતિ લાભાર્થી દીઠ મેદાની વિસ્તારોમાં રૂ. 20,000/- અને મુશ્કેલીવાળા વિસ્તારોમાં રૂ. 22,000/-ની સહાય આપવામાં આવે છે. આવાં મકાનોમાં એક પાયખાનું અને ધુમાડારહિત ચૂલાની વ્યવસ્થા હોવી આવશ્યક છે. આ મકાન બાંધકામ કોઈ ઠેકેદારને ન સોંપતાં જાતે બનાવવાનું છે. આ મકાન ઘરની મુખ્ય મહિલાને નામે અથવા પતિ-પત્નીના સંયુક્ત નામે ફાળવવામાં આવે છે.

ગામડાના કોઈ પણ ઘરના મુખ્ય કર્તાહર્તા કે જેની વાર્ષિક આવક રૂ. 32,000/-થી વધુ ન હોય તેઓ ધિરાણસહ ગ્રામીણ આવાસ માટેની સબસિડી યોજનાનો લાભ લેવાને પાત્ર ગણાય છે. આ યોજના હેઠળ એક કુટુંબને રૂ. 40,000/- સુધીની લોન મળે છે. સરકારની સબસિડીરૂપે રૂ. 10,000/-ની જોગવાઈ છે. હુડકોની પણ ગ્રામીણ ક્ષેત્રમાં આર્થિક રીતે નબળા વર્ગોના અને નાની આવક સમૂહ વર્ગના લોકો માટે લોન આધારિત યોજનાઓ છે.

**(5) રુરલ વૉટર સપ્લાય પ્રોગ્રામ :**

પાણી જીવસૃષ્ટિની પ્રથમ જરૂરિયાત છે. પાણી આપણા દૈનિક જીવનની એક આવશ્યક જરૂરિયાત છે. પીવાના પાણીના મહત્ત્વને કોઈ પણ રીતે ઓછું ન આંકી શકાય. હલકી ગુણવત્તાવાળું પાણી ઘણા રોગો પેદા કરે છે તેથી તે સુરક્ષિત હોવું જોઈએ. પીવાનું પાણી પૂરું પાડવાની રાજ્યસરકારની જવાબદારી ગણાય છે. પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની યોજનાઓનો અમલ રાજ્યસરકાર પોતાનાં સંસાધનોથી કરે છે. ભારત સરકાર આ બાબતમાં રાજ્યસરકારોને ઝડપી ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ હેઠળ નાણાં આપે છે. તા. 31-01-2001ના રોજ દેશના ચૌદ લાખથી વધુ ગ્રામીણ વસવાટોમાંથી બાર લાખ જેટલા વસવાટો આવરી લેવાયા છે. જે બાકી છે તેમને પૃષ્ઠ 113 માં દર્શાવેલ ધારાધોરણો મુજબ પીવાના પાણીની સવલત ઉપલબ્ધ કરવી આવશ્યક છે.

(અ) 40 લિટર સુરક્ષિત પીવાનું પાણી પ્રતિવ્યક્તિ પ્રતિદિન

(બ) 30 લિટર વધારાનું ઢોરઢાંખર માટે રણવિકાસ કાર્યક્રમ ક્ષેત્રોમાં

(ક) દર 250 વ્યક્તિ દીઠ એક હૅંડપંપ અથવા સ્ટૅન્ડપોસ્ટ.

(ડ) જળસ્રોત વસવાટ મેદાની ક્ષેત્રોમાં 1.6 કિલોમીટર અને પહાડી વિસ્તારમાં 100 મીટરની ઊંચાઈની અંદર હોવા જોઈએ.

ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ હેઠળ સરકારે અત્યાર સુધીમાં 35 લાખ હૅંડપંપો અને 1.5 લાખથી વધુ પાઈપ મારફતે પાણી પુરવઠા યોજનાઓએ કામગીરી કરેલ છે.

ભારત સરકાર પાણીની ગુણવત્તાની સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરી રહી છે. પાણીની ગુણવત્તામાં વધુપડતું ફ્લોરાઇડ, વધુપડતી ક્ષારીયતા, વધુ પ્રમાણમાં લોહતત્ત્વ વગેરેનો સમાવેશ થાય છે. ગુણવત્તાની સમસ્યા ખડક-માટીની પ્રકૃતિને કારણે અથવા માનવજાત દ્વારા જુદા જુદા પ્રકારે કરાતા પ્રદૂષણને લીધે પેદા થતી હોય છે.

લગભગ 85 % જેટલું પીવાનું પાણી ભૂમિગત સ્રોતથી મળતું હોય છે. આ પાણી કઈ રીતે કૂવાઓમાં આવે તે માટે જળસંગ્રહ, જળ પુનઃભરણ તેમજ તળાવો કે આડબંધો દ્વારા કૂવાઓમાં પાણી નીતરે એવી વ્યવસ્થા કરવાના પ્રયાસો કરીને પાણીનાં સંગ્રહ અને સંરક્ષણ કરી શકાય.

ગ્રામીણ ક્ષેત્રોમાં અભાવગ્રસ્ત જનસમૂહને પાણીપુરવઠો પૂરો પાડવામાં, વીજળીકરણમાં અને જૂથ પાણી પુરવઠા યોજનાઓમાં ગુજરાત દેશમાં પ્રથમસ્થાને છે.

### (6) સેન્ટ્રલ રુરલ સેનિટેશન પ્રોગ્રામ :

ગંદકીની સાફસૂફી ગંદકીથી ફેલાતા રોગોને અટકાવે છે અને તે પાણી અને માટીને દૂષિત થતાં રોકે છે. પાણી, ગંદકી અને આરોગ્ય વચ્ચે સીધો સંબંધ છે. શિશુ મરણના ઊંચા દરનું કારણ પણ મોટા ભાગે ગંદકીની અપૂરતી સફાઈ જ છે. આજે ગંદકીની સફાઈનો અર્થ ફક્ત મળસફાઈ નહિ પણ પ્રવાહી અને ઘન કચરાનો નિકાલ જરૂરી બન્યો છે જેમાં એંઠવાડ, સ્નાન, વ્યક્તિગત સફાઈ, ઘરોની સફાઈ, શૌચાલય તેમજ વાતાવરણીય સફાઈનો સમાવેશ થાય છે.

પ્રાથમિક શાળાઓમાંનાં પાયખાનાંઓ અને અન્ય સુવિધાઓનો અનુભવ કર્યા પછી બાળકોમાં સફાઈના સંસ્કાર આવે અને તેઓ ઘરે જઈને માબાપને કહેશે અને સ્વચ્છતાનો સંદેશો ઘેર ઘેર પહોંચાડશે.

આ સ્વચ્છતા અભિયાનને ઘનિષ્ઠ બનાવવા ઘરોમાં પાયખાનાં બનાવવા માટે 500 રૂપિયા સબસિડી આપવામાં આવે છે. આ યોજના હેઠળ નીચે દર્શાવ્યાનુસારની સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે :

1. વ્યક્તિગત ઘરોમાં પાયખાનાંઓ
2. શાળાઓમાં પાયખાનાંઓ
3. મહિલાઓ માટેનાં સેનિટરી સંકુલો
4. ગ્રામીણ સેનિટરી ભંડારો - ઉત્પાદનકેન્દ્રો

આ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોને સ્વચ્છ રાખવા માટેની ઝુંબેશ શરૂ થઈ છે. જુનવાણી સ્વચ્છતા સામેની સૂગ દૂર કરે છે. સર્વત્ર આરોગ્યરક્ષક પ્રવૃત્તિઓથી જનતામાં સ્વચ્છતાના ખ્યાલોની સમજ પેદા થઈ રહી છે. સરકાર તરફથી દૂરદર્શન દ્વારા પણ સતત જાહેરખબર દ્વારા લોકશિક્ષણનું કામ થઈ રહ્યું છે.

### (7) નેશનલ સોશ્યલ એસિસ્ટેન્સ પ્રોગ્રામ : (રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના)

વૃદ્ધાવસ્થા જીવનનો એક ભાગ છે અને આ વૃદ્ધાવસ્થામાં હરકોઈ વ્યક્તિ કામ કરવાની અને કમાવાની ક્ષમતા ખોઈ બેસે છે. આપણા દેશમાં સામાન્ય રીતે કુટુંબ જ વૃદ્ધોનું ધ્યાન રાખતું હોય છે. પરંતુ કેટલાક

કમનસીબ મામલાઓમાં વડીલની દેખભાળ કરવાવાળું કોઈ જ નથી હોતું. આવા વડીલોની સારસંભાળ કરવા ભારત સરકારે રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજનાનો આરંભ કર્યો છે.

વૃદ્ધ, અનાથ કે ગુજરાન ચલાવનારી મુખ્ય વ્યક્તિ ગુમાવનાર કુટુંબનું ધ્યાન રાખવા માટે સરકારે (અ) રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના (બ) રાષ્ટ્રીય કુટુંબ લાભકારી યોજના શરૂ કરી છે.

આ કાર્યક્રમ હેઠળ ગરીબીરેખાથી નીચેના જે કોઈ ગ્રામીણ ગરીબની ઉંમર 65 વર્ષથી વધુ હોય અને એની આવકનું કોઈ નિયમિત સાધન ન હોય અથવા કુટુંબીજનો પાસેથી એને કોઈ નાણાકીય ટેકો ન મળતો હોય એવી વૃદ્ધ વ્યક્તિને સરકાર પેન્શન આપે છે.

ભારત સરકાર આવી વ્યક્તિઓને રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના હેઠળ પ્રતિમાસ રૂ. 75/- આપે છે. કેટલાંક રાજ્યો આમાં વધુ નાણાં ઉમેરીને પેન્શનની રકમ વધારી આપે છે. આ પેન્શનની રકમ કેટલા હપતાઓમાં ચૂકવાશે એનો નિર્ણય રાજ્યસરકારો કરે છે તોપણ આ રકમ ઓછામાં ઓછી છ મહિનામાં એક વખત અવશ્ય ચૂકવવામાં આવે છે.

**(8) નેશનલ સોશ્યલ બેનિફિટ સ્કીમ (રાષ્ટ્રીય કુટુંબ લાભકારી યોજના) :**

મૃત્યુ એ ઈશ્વરી ક્રમ છે એને ટાળી શકાતું નથી. વળી તે અકાળ હોય છે. ક્યારેક તો બહુ કપરા સંજોગો પેદા કરે છે. કુટુંબનું ગુજરાન ચલાવનારી વ્યક્તિનું કસમયે અવસાન થઈ જાય તો કુટુંબને પારાવાર યાતના ભોગવવી પડે છે. આખું કુટુંબ આર્થિક અસુરક્ષા અનુભવે છે. પરિવાર નિરાધાર અને અસહાય બની જાય છે. 'ભૂખ્યો માણસ શું ન કરે?' ના નિયમ મુજબ કુટુંબના કેટલાક સભ્યો જીવનનો ખરાબ રસ્તો પણ પસંદ કરે તેવું બને છે. આવા શોકગ્રસ્ત પરિવારોની નાણાકીય સુરક્ષા માટે ભારત સરકારે રાષ્ટ્રીય કુટુંબ લાભકારી યોજના શરૂ કરી છે. કુટુંબ માટે રોટલો રળનારી વ્યક્તિનું અવસાન થવાથી એ કુટુંબને રૂા. 10,000/-નું અનુદાન અપાય છે. શરત એ છે કે આવી વ્યક્તિ 18 વર્ષથી મોટી અને 65 વર્ષથી નાની હોવી જોઈએ. આ શોકગ્રસ્ત કુટુંબ ગરીબીરેખાથી નીચે જીવન ગુજારનારા લોકોની યાદીમાં હોવું જોઈએ. આ રોટલો રળનાર વ્યક્તિનું અવસાન કોઈ પણ કારણસર થયું હોય કુદરતી અથવા અકસ્માતથી પણ એવી વ્યક્તિને આ રકમ અપાશે જેને આ ઘરના મુખ્ય વ્યક્તિ તરીકે નક્કી કરાયેલ છે એવું સ્થાનિક તપાસમાં માલૂમ પડશે. આ રાષ્ટ્રીય કુટુંબ લાભકારી યોજનાની રકમ ચેકથી અગ્રપસંદગી રૂપે બૅંક ખાતા દ્વારા ચૂકવાશે. આ રકમનો ઉપયોગ કુટુંબની લાંબા સમયની સુરક્ષામાં વપરાશે એવી ખાતરી પણ કરાય છે. આવા ચેકો જાહેરસભાઓમાં અથવા ગ્રામસભાની બેઠકોમાં પણ અપાય છે.

**(9) અન્નપૂર્ણા :**

ગરીબીની સૌથી માઠી અસર ભૂખ્યા પેટ પર પડે છે. દેશને ચિંતા છે કે બધા જ લોકોને ભરપેટ ખાવાનું મળે. કોઈ ભૂખ્યો ન સૂએ. પહેલાંના વખતમાં પ્રજાવત્સલ રાજાઓ પણ આવા માણસોની ચિંતા કરતા અને રાત્રે નગરચર્યા કરવા નીકળતા તેવું કહેવાય છે. આવા ભૂખ્યા-દુખાર્ત માણસો માટે જ લક્ષાંકિત જાહેર વિતરણ પદ્ધતિ હેઠળ ગરીબીરેખાથી નીચે જીવન ગુજારનારા લોકોને માટે નક્કી કરાયેલ ભાવે અનાજ અપાય છે. એવા વૃદ્ધોને પોતાની કોઈ આવક નથી હોતી અને તેઓને સરકાર તરફથી મળતા પેન્શન પર આધાર રાખવો પડે છે. આવા લોકોને પેટ ભરવા માટે ભારત સરકારે એક અન્નપૂર્ણા યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ જે વ્યક્તિ ગરીબીરેખાથી નીચે હોય અને એની ઉંમર 65 વર્ષથી વધુ હોય તેને દર મહિને 10 કિલોગ્રામ અનાજ મફત આપવામાં આવે છે.

ગ્રામસભા જ અન્નપૂર્ણા યોજનાના લાભાર્થીઓને તારવી કાઢે છે. આવા લાભાર્થીને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે જેથી તેને ઘઉં, ચોખા કે જે-તે વ્યક્તિનો સ્થાનિક ખોરાક હોય તે અપાય છે.

**(10) એમ્પ્લોયમેન્ટ એશ્યુરન્સ સ્કીમ :**

હરકોઈ તંદુરસ્ત અને સશક્ત વ્યક્તિ લાભકારી રોજગાર મેળવીને સારી આવક મેળવવા ઇચ્છતી હોય છે. ગ્રામવિસ્તારોમાં મોટા ભાગે લોકો રોજગાર માટે ખેતી પર આધાર રાખતા હોય છે. જોકે આ ક્ષેત્ર જે લોકોને રોજગારીની જરૂર છે એવા તમામ લોકોને તે કાયમી ધોરણે રોજગાર આપતું નથી. રોજગારીની ખૂબ જ ખેંચ હોય, નબળી ખેતઊપજની મોસમ હોય કે અનાવૃષ્ટિના સમયમાં ગરીબીની રેખાથી નીચેના લોકોને રોજગાર આપવા માટે કેન્દ્ર સરકારે એમ્પ્લૉયમેન્ટ એશ્યુરન્સ સ્કીમને અમલમાં મૂકી છે.

આ યોજના હેઠળ દૈનિક રોજગારીની ખૂબ જ ખેંચ વર્તાતી હોય એવા સમયે ગરીબીરેખાથી નીચેના ગ્રામીણ ગરીબોને શારીરિક શ્રમરૂપે વધારાની રોજગારી અપાય છે. આવાં કામો મારફતે સ્થાયી સામુદાયિક વિકાસ અસ્કયામતો ઊભી કરવાનો પ્રયત્ન કરાય છે જેથી એ અસ્કયામતો કાયમી રોજગાર આપી શકે.

દેશના દરેક જિલ્લાઓમાં આ યોજના લાગુ કરાયેલ છે. 70 % ભંડોળ પંચાયતો માટે વાપરવામાં આવે છે જ્યારે 30 % ભંડોળ જ્યાં ખરાબ મોસમને કારણે મુશ્કેલી ઊભી થઈ હોય ત્યાં જિલ્લા પરિષદો જેવા ઘટકોને વાપરવા માટે ફાળવવામાં આવે છે.

આ યોજના એવા તમામ ગ્રામીણ ગરીબોને માટે ખુલ્લી હોય છે જેઓને આવા રોજગારની જરૂર હોય. આ યોજના હેઠળ ન્યૂનતમ વેતન ચૂકવાય છે. આ કાર્યક્રમોમાં રોજગારી આપતી વેળાએ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ કે હાનિકારક ધંધાઓમાંથી દૂર કરવામાં આવેલા બાળમજૂરોના ગરીબીરેખાથી નીચેનાં માબાપોને અગ્રપસંદગી અપાય છે.

આ યોજના હેઠળ માટી અને ભેજસંરક્ષણ, લઘુ સિંચાઈ, પીવાના પાણીના સ્રોતોને ફરી ચાલુ કરવા, ભૂમિજળના પુરવઠાની વૃદ્ધિ કરવા તેમજ પરંપરાગત જળસંગ્રહ કરવાનાં માળખાં, ગામોના તળાવોમાંથી કાંપ કાઢવા કે જે જળસંભર વિકાસના અંગભૂત ભાગો હોય એવાં કામોને પસંદગી અપાય છે. કારણ કે આ યોજના મજૂરી મારફતે રોજગારી આપવાની હોઈને માત્ર શ્રમસાધ્ય કામો જ હાથમાં લેવાય છે. મજૂરીનો ખર્ચ કુલ કાર્યખર્ચનો 60 % ભાગ હોવો જોઈએ.

આ યોજના હેઠળ ધાર્મિક ઉદ્દેશો માટેનાં ભવનો, સ્મારકો, સ્વાગતકમાનો, મોટા પુલો, સરકારી કર્મચારીઓ માટેનાં મકાનો, પંચાયત ભવનો કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કૉલેજો વગેરે માટેનાં કામો શરૂ કરી શકાય નહિ.

**(11) સવર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના (સ્વયંસહાયસમૂહ) :**

માનપૂર્વક જીવન જીવવું એ દરેક નાગરિકનો અધિકાર છે પણ ગરીબી આવા માનભર્યા જીવનમાં આડે આવતી હોય છે. સ્વરોજગાર કાયમી આવક મેળવવા માટેનું એક નોંધપાત્ર પગલું છે જે ગરીબીના આર્થિક બંધનોથી મુક્તિ અપાવે છે. આઇઆરડીપી જેવા પહેલાંના કાર્યક્રમો સારા હતા પરંતુ બધી જ આવશ્યકતાને પૂરી કરવા માટે પૂરતા નહોતા. સરકારે હવે અસરકારક સ્વરોજગાર કાર્યક્રમ સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના દ્વારા શરૂ કરેલ છે.

આ યોજના હેઠળ ગ્રામવિસ્તારોના ગરીબીરેખાથી નીચેનાં ગરીબ કુટુંબોને સ્વરોજગાર અપનાવવામાં મદદ અપાય છે. તેઓ એમની આ પ્રવૃત્તિ વ્યક્તિગત રૂપે અથવા સમૂહોમાં શરૂ કરી શકે છે. આવા સમૂહોને 'સ્વયંસહાયસમૂહ' કહેવાય છે. સફળ સ્વરોજગાર માટે સાચી પ્રવૃત્તિ અપનાવવી આવશ્યક છે. એ એવી હોવી

જોઈએ કે સ્વરોજગારવાળી વ્યક્તિને બૅંક લોનની પરત ચુકવણી પછી માસિક રૂ. 2000ની આવક કરાવી આપે.

ગામડાંઓમાં કેટલાક લોકો પાસે કસબ કે કૌશલ્ય હોય છે પણ જો કોઈ ગરીબીરેખાથી નીચેની વ્યક્તિને એવું લાગે કે તેણે આવા કામથી લાભ મેળવવો છે તો તેણે સરપંચ અથવા તાલુકા વિકાસ અધિકારી અથવા નજીકની બૅંકની શાખાના પ્રબંધકનું માર્ગદર્શન મેળવવું જોઈએ.

બૅંકો : ખેતી, લઘુઉદ્યોગ વગેરે જેવા પ્રાથમિક ક્ષેત્રને 40 % જેટલું ધિરાણ આપી શકે છે પરંતુ શાખા પ્રબંધક એટલું જરૂર જોશે કે અપાયેલી લોનો સમયસર પરત થાય.

સ્વરોજગારમાં કાચો માલસામાન ખરીદવો, ઉત્પાદન કરવું, તૈયાર માલનું વેચાણ કરવું કે નાણાંની લેતીદેતી કરવી. એકલો સ્વરોજગારી આ બધું કામ પોતે - જાતે ન કરી શકે. એટલે સ્વરોજગારીઓને સ્વયં-સહાયસમૂહોની રચના કરવાની સલાહ અપાય છે. કચ્છમાં કચ્છી ભરત માટે, અંબાજીમાં કલાત્મક રીતે નાળિયેરના છોતરાંમાંથી બનાવાતી વસ્તુઓ, દક્ષિણ ગુજરાતમાં આંબાની કલમોની નર્સરી જેવાં કામો આ જૂથો કરે છે. આ ઉપરાંત ડેરીઉદ્યોગ, પશુપાલન, ટેલરિંગ, મરીમસાલા, ફૂલોની પ્રવૃત્તિ (ફ્લોરી કલ્ચર) કૃષિલક્ષી પ્રવૃત્તિઓ, સોફ્ટવેર પ્રવૃત્તિ, બેકરીઉદ્યોગ, કડિયાકામ સેન્ટિંગ સામાન, રેડીમેન્ડ ગારમેન્ટ, અથાણાં બનાવવાં, પ્લમ્બિંગ, સુથારી-લુહારીકામ, આ અને આવાં કામો માટે લોન-સબસિડી મળી શકે છે.

સવર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના એક ધિરાણસહ સબસિડી કાર્યક્રમ છે. સબસિડી એટલા માટે અપાય છે કે જેથી ગરીબ લોકો એમની સ્વરોજગારપ્રવૃત્તિ ચલાવી શકે. વ્યક્તિને રૂ. 50,000/- સુધી અને સ્વયંસહાયસમૂહને 3 લાખ રૂપિયા સુધીની લોનો આપી શકાય છે. પરિયોજના ખર્ચની 30 % રકમ સબસિડી તરીકે અપાય છે. પણ તે વધુમાં વધુ રૂ. 7500/- હશે પણ અનુસૂચિત જાતિ - જનજાતિ માટે આ સબસિડી પરિયોજના ખર્ચના 50 % જેટલી અથવા વધુમાં વધુ રૂપિયા 10,000 સુધી હશે. સ્વયંસહાયસમૂહો માટે પણ આ સબસિડી પરિયોજના ખર્ચના 50 % સુધી અથવા વધુમાં વધુ 1.25 લાખ રૂપિયા એમાં જે ઓછું હોય તે અપાય છે. અગાઉની કોઈ સ્વયંરોજગાર યોજના હેઠળ રૂા. પાંચ હજારથી વધુ રૂપિયા બૅંકને દેવાના બાકી હોય તોપણ બૅંક એને લોન આપે છે. આ દેણાંની રકમ લોન પરત કરવાની સાથે હપ્તાઓમાં ચૂકવવાની હોય છે.

### (12) ઇન્ટિગ્રેટેડ વેસ્ટલૅન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ :

ખેતી ભારતના અર્થતંત્રનો એક મુખ્ય સ્તંભ છે. જમીન અને પાણી એ માટે ખૂબ જ મહત્ત્વનાં છે. જોકે જમીનના વિશાળ ટુકડાઓ ખરાબાના છે એને થોડાક પ્રયાસોથી ખેડાણલાયક બનાવી શકાય છે. આવી જમીનોને ખરાબાની કે પડતરની જમીન કહેવાય છે. આવી જમીનોની ઉત્પાદકતા ઘણી નીચી હોય છે જેથી આવી જમીનોના માલિકો ગરીબ હોય છે એટલે તેઓને પોતાનું ગુજરાન ચલાવવા માટે દહાડિયા તરીકે મજૂરી કરવી પડે છે. આવી જમીનોની સુધારણા પર ધ્યાન આપવાથી ગરીબી અને પછાતપણાના પ્રશ્નો પર પરિણામલક્ષી અસર પડે છે.

ભારત સરકારે એટલે જ ઇન્ટિગ્રેટેડ વેસ્ટલૅન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દેશભરમાં શરૂ કર્યો છે. જેથી આવી જમીનની ઉત્પાદકતા સુધારી શકાય અને આવી જમીનોની માલિકી ધરાવતાં ગ્રામીણ ગરીબોના જીવનધોરણને સુધારી શકાય. સંકલિત પડતર જમીન વિકાસ કાર્યક્રમ 100 % કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજના છે. પડતર જમીનોનો વિકાસ જળસંભરના આધાર પર હાથ ધરાય છે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ વહી જતાં વરસાદનાં પાણીને રોકી લઈને એ જ્યાં પડતું હોય છે ત્યાં એને એ જ જગ્યાએ સંઘરી રાખવાનો છે. પરિણામે ઉપજાઉ માટીનું ધોવાણ રોકી શકાશે. સામાન્ય રીતે વરસાદનું પાણી પૂરતા રૂપમાં વહી જવાથી માટીનું ધોવાણ થતું હોય છે. જળ અને ઉપજાઉ માટીનું સંરક્ષણ કરવાથી હરિયાળા આવરણમાં વધારો થાય છે અને જમીનની ઉત્પાદકતામાં સુધારો થાય છે. આ કાર્યક્રમ હેઠળ પડતર જમીનોનો વિકાસ ગામડાંના નાના જળસંગ્રહોની યોજના દ્વારા થશે.

જળસંભર પરિયોજનાઓનું આયોજન અને એનું અમલીકરણ કરવા ઉપરાંત સ્થાનિક લોકો પોતાના જ નાણાંની જળસંભર વિકાસ ભંડોળ રચીને એની જાળવણી અને એનો વહીવટ કરશે.

આ યોજનાથી પડતર જમીનની ઉત્પાદકતામાં સુધારો થશે. પરિણામે બળતણ માટેનું લાકડું, ઘાસચારો તેમજ ખેતી અને પીવા માટે પાણી મળી રહેશે. સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાંથી થતી લોકોની હિજરતમાં ઘટાડો થશે. ગ્રામીણ ક્ષેત્રના લોકોના આર્થિક દરજ્જામાં સુધારો થશે.

ગુજરાતમાં ખેતતલાવડી કાર્યક્રમ પણ ધ્યાન ખેંચે તેવો સફળ પુરવાર થયો છે.

**(13) ડ્રાઉટ પ્રોન એરિયાસ પ્રોગ્રામ ઍન્ડ ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ :**

અનાવૃષ્ટિથી પીડાતાં તેમજ રણક્ષેત્રો દેશના કુલ ભૌગોલિક ક્ષેત્રનો ઘણો મોટો ભાગ છે. આ વિસ્તારોનું પર્યાવરણ ખૂબ જ નાજુક છે. આ ક્ષેત્રોમાં રહેતા લોકો ગરીબ છે. નબળાં કુદરતી સંસાધનો, અનુત્પાદક જમીનો, પાણીનો અભાવ અને ઓછા કે અનિશ્ચિત તૂટક તૂટક વરસાદથી વારંવાર અનાવૃષ્ટિની અસર થાય છે અને સમય જતાં વધતા જતા રણના વ્યાપથી પાક થતો નથી. આ ક્ષેત્રોમાં કુદરતી સંસાધનોનો વિકાસ કરવા અને એવી રીતે ત્યાંના લોકોનું જીવનધોરણ સુધારવા ભારત સરકારે ખાસ ક્ષેત્રવિકાસ કાર્યક્રમો શરૂ કર્યા છે.

આ કાર્યક્રમો અનાવૃષ્ટિની તેમજ વધતા જતા રણની અસરો નાબૂદ કરવા અને અસરગ્રસ્ત ક્ષેત્રોમાં પર્યાવરણીય સંતુલનનું પુનઃસ્થાપન કરીને ત્યાંના આર્થિક વિકાસને ઉત્તેજન આપવા માટે છે. આ હેતુ માટે લગભગ 500 હેક્ટરની સરેરાશ કદની નાની જળ પરિયોજનાઓ જે એક ગામને આવરી લેતી હોય તેવી અનાવૃષ્ટિગ્રસ્ત ક્ષેત્રમાં અને રણક્ષેત્રોમાં અમલમાં મુકાય છે. ગુજરાત જિલ્લા ગ્રામવિકાસ એજન્સી (ડીઆરડીએ) જિલ્લા પરિષદો જળસંભર પરિયોજના નક્કી કરીને પરિયોજનાને અમલમાં મૂકતી સંસ્થાઓને સોંપે છે જે સરકારી કે બિનસરકારી ક્ષેત્રની સંસ્થાઓ હોય છે. આ અમલ કરનારી સંસ્થાઓ ગ્રામસ્તરે જળસંભર સંઘો રચવામાં મદદ કરે છે જેમની માથે જ આ પરિયોજનાઓને અમલમાં મૂકવાની જવાબદારી હોય છે. આ જળસંભર સંઘો જળસંભર સમિતિ મારફતે અમલ કરનાર સંસ્થાઓ દ્વારા ટેક્નિકલ મદદ કે સહયોગ લઈને એને અમલમાં મૂકે છે.

આ યોજના ખાસ કરીને કુદરતી સંસાધનોને સક્રિય કરવા પર ભાર મૂકે છે. તે માટે તેઓ માટી અને ભેજસંરક્ષણ, જળસંરક્ષણ અને એના સંગ્રહનું કામ કરે છે. વનીકરણ થાય છે. એથી એ ક્ષેત્રમાં હરિયાળું આવરણ ઊભું થાય છે. ગૌચર જમીનનો વિકાસ થાય છે.

આ ક્ષેત્રોનો પૂરેપૂરો સુધારો કરવા આ પરિયોજના પૂરી કરતાં 4થી 5 વર્ષનો સમય લાગી શકે છે. જળસંભર સંઘો પૂર્ણ કરાયેલી જળસંભર પરિયોજનાઓની જાળવણી અને વહીવટ માટે જવાબદાર રહેશે.

આ કાર્યથી ખેતીની ઉત્પાદકતા સુધરશે અને વધારે પાણી મળવા લાગશે. હરિયાળું આવરણ રચાશે. રોજગારીની તકોમાં સુધારો થશે અને હિજરતમાં ઘટાડો થશે. આમ ગ્રામસમુદાયના સામાજિક અને આર્થિક દરજ્જામાં એકંદરે સુધારો થશે.

આપણે કેટલીક યોજનાઓનો વિગતે અભ્યાસ કર્યો. આ ઉપરાંત બૅંકો દ્વારા લોન, ખેડૂતો માટેની પાક વીમા યોજનાઓ, ખેતમજૂરો, સીમાંત ખેડૂતો માટેના વિવિધ કાર્યક્રમો, કોતરસુધારણા, ખેડૂતનર્સરી, પોસ્ટ દ્વારા બચત યોજનાઓ, દરેક કુટુંબના એક સભ્યને 100 દિવસ કામ વગેરે અનેક યોજનાઓ ચાલે છે જે ગરીબ-તવંગરની ખાઈને સાંકડી કરે છે.

ભારત સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ આપણે જોઈ. હવે રાજ્યના વંચિત વર્ગની વિકાસયાત્રા જોઈએ. સરકારનો આદર્શ કલ્યાણરાજનો રહ્યો છે. કોઈ પણ રાજ્યના વિકાસનો સાચો માપદંડ તે રાજ્યના વંચિતોના વિકાસના આધાર પર રહેલો છે. શ્રેષ્ઠ સર્વાંગી વિકાસ એ જ કે જેમાં અંતરિયાળ વિસ્તારો, વંચિતો, છેવાડાના માનવી સુધી વિકાસનાં સુફળ પહોંચે. સમાજના વિકસિત લોકોની હરોળમાં વંચિતો-ગરીબો પણ સ્વમાનભેર, ન્યાયભેર સમકક્ષ આવી શકે અને શોષણમાંથી મુક્ત થઈ શકે તે ઉમદા હેતુથી રાજ્યસરકારે વિવિધ પ્રકારની કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે.

**(1) જ્યોતિગ્રામ યોજના :**

જ્યોતિગ્રામ યોજના સામાજિક જીવનસુધારણા અને આર્થિક તેમજ શૈક્ષણિક ક્રાંતિની ચિનગારી પ્રગટાવી રહી છે. રાજ્યના ગામેગામ ચોવીસે કલાક વીજળી પહોંચાડવાની આ યોજના છે.

**(2) ગોકુળગ્રામ યોજના :**

રાજ્યનું પ્રત્યેક ગામ સુનિશ્ચિત સમયગાળામાં પાયાની ન્યૂનતમ જરૂરિયાતોથી સંપન્ન થાય અને સમયબદ્ધ કાર્યક્રમ હેઠળ સમતુલિત ધોરણે વિકાસ કરે તે હેતુથી હાથ ધરાઈ છે.

આ યોજના હેઠળ આવરી લેવાનાર પ્રત્યેક ગામોને રાજ્ય કક્ષાએથી સુનિશ્ચિત કરાયેલ ન્યૂનતમ પ્રાથમિક સુવિધાઓ પૈકીની ખૂટતી સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રત્યેક ગામ દીઠ રૂા. 15 લાખનું ભંડોળ પૂરું પાડે છે. સ્વચ્છ, સુંદર, સુવિધાપૂર્ણ ગામનું નિર્માણ થાય એ આ યોજના પાછળનો મુખ્ય હેતુ છે.

આ યોજના અંતર્ગત ગામોને સુવિધાપૂર્ણ બનાવવા નીચેનાં વિકાસનાં કામો હાથ ધરવામાં આવે છે :

(અ) 1. પાકો એપ્રોચ રોડ : ગામના પાદરથી ગામના ચોરા-ગામ સુધીનો રસ્તો

2. પીવાના પાણીની સુવિધા માટે : હેન્ડપંપ, ડંકી, સાર્વજનિક કૂવો વ્યક્તિગત જૂથ પાણી પુરવઠા યોજના
3. સ્નાનઘાટ સહિતના ગામ તળાવોની રચના, પુનઃ રચનાનાં કામો
4. પ્રાથમિક શાળાના ઓરડાઓ, બાલવાડી, આંગણવાડીના ઓરડાઓ
5. કૉમ્યુનિટી હૉલ - વાડી
6. ગ્રામ ચરિયાણ સુધારણા
7. પંચાયતઘર
8. હવાડો
9. વીજળીકરણ

(બ) ગામને સ્વચ્છ રાખવાનાં કામો

1. ગંદકી નાબૂદીના સંદર્ભમાં : ખાળકૂવાઓ, શોષખાડાઓ, ડ્રેનેજનાં કામો વગેરે
2. શૌચાલયો : વ્યક્તિગત તેમજ સામૂહિક શૌચાલયો

(ક) ગામને સુંદર અને રળિયામણાં બનાવવા માટે

1. ગામપ્રવેશથી ગામના ચોરા સુધીના પાકા રસ્તાની બન્ને બાજુનાં મકાનો એક જ રંગથી રંગરોગાન અને વૃક્ષારોપણ

2. ગૌચર પડતર જમીનમાં વૃક્ષારોપણ

આ કાર્યક્રમના અમલીકરણ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. તેના અધ્યક્ષ સરપંચ રહેશે. ગામમાં કરાયેલ કામગીરીની સમીક્ષા સ્થાનિક કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે.

**(3) મધ્યાહ્‌ન ભોજન :** ગામડાંનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પશુપાલન તેનો ગૌણ ઉદ્યોગ છે. આ કામો માટે વહેલી સવારથી ખેતી અને પશુપાલનનાં કામો માટે સહુ જોતરાઈ જાય છે. ગામડાંમાં ગરીબી પણ પુષ્કળ છે. ઘંટ પડે એટલે બાળકો ભૂખ્યાં હોય તોપણ શાળાએ પહોંચી જાય છે. આ બધાં બાળકોને પોષણક્ષમ ખોરાક પણ મળતો નથી. શાળામાં મધ્યાહ્‌ન ભોજન યોજનાથી ભૂખ્યાં બાળકોને ખાવા મળે છે અને તેમને પોષણ પણ મળે છે. આ બાળકોને લોહતત્ત્વ અને વિટામિનની ટીકડીઓ પણ આપવામાં આવે છે.

તે સાથે ગુજરાતમાં અન્ય કલ્યાણકારી યોજનાઓ ચાલી રહી છે તે જોઈએ.

**(1) આવાસ સુવિધા :**

ગુજરાતમાં 2005 સુધીમાં ગરીબીરેખા નીચેનાં 46,263 ગ્રામીણ પરિવારોને, 25,000 શ્રમયોગી પરિવારોને, 24,312 હળપતિ આવાસ યોજનાના લોકોને, 2896 આદિમ જૂથના લોકોને અને 3000 આવાસો બક્ષીપંચના લાભાર્થીઓને પૂરા પાડવામાં આવ્યા.

**(2) જળસંચયક્ષેત્રે :**

જનભાગીદારીથી જળસંચયક્ષેત્રે ગુજરાતે ક્રાંતિ સર્જી છે. બોરીબંધ ચેકડેમ, ખેતતલાવડીના નિર્માણથી જળસ્તરની સપાટી ઊંચે આવી જેથી વાવેતરવિસ્તાર વધ્યો છે. 31,036 ખેતતલાવડીઓનું નિર્માણ થયું છે. ખેતઉત્પાદન માટે ટપકસિંચાઈ યોજનાનો લાભ કિસાનોને મળે તે માટે રૂા. 1500 કરોડના ખર્ચે ગ્રીન રિવૉલ્યુશન્ કંપનીની સ્થાપના કરવામાં આવી છે. ટપકસિંચાઈ માટે ખેડૂતોને પ્રોત્સાહન મળે તે હેતુસર સબસિડી પણ આપવામાં આવે છે. જળસંચયના કારણે રવીપાક અને ખરીફપાકના વાવેતરવિસ્તારમાં વધારો થયો છે.

રણવિસ્તારમાં ફેરવાતા સૂકા પ્રદેશને હરિયાળીમાં પલટાવતી મહત્ત્વની સુજલામ્ સુફલામ્ યોજના અમલી છે. આ ઉપરાંત અતિવૃષ્ટિગ્રસ્ત અને રણવિસ્તારોના ગ્રામીણ સંકલિત વિકાસ માટે વૉટર શેડ કાર્યક્રમ પણ ચાલે છે.

**(3) અન્નસહાય :**

(1) ગરીબીરેખાથી નીચે જીવતાં કુટુંબોની યોજના હેઠળ પ્રતિમાસ - પ્રતિકુટુંબ 9 કિલો ઘઉં અને 3.5 કિલો ચોખાનું અનુક્રમે રૂ. 2 અને રૂ. 3ના પ્રતિકિલોના ભાવે વિતરણ કરે છે.

(2) અંત્યોદય અન્નયોજના હેઠળ 1.33 લાખ કુટુંબોને પ્રતિકાર્ડ 28 કિલો ઘઉં અને 7 કિલો ચોખા અનુક્રમે રૂ. 2 અને રૂ. 3થી આપવામાં આવે છે.

(3) સુજલામ્ સુફલામ્ યોજનામાં ખેતતલાવડી અંતર્ગત મજૂરોને અનાજવિતરણ કરવામાં આવે છે.

(4) અંત્યોદય કુટુંબો માટે રોમિંગ રૅશનકાર્ડની યોજના હેઠળ રાજ્યમાં આવેલ બીપીએલ - અંત્યોદય કુટુંબો કે આ કુટુંબની વ્યક્તિઓ રોજગારી અર્થે રાજ્યના અન્ય વિસ્તારોમાં હંગામી સ્થળાંતર કરે ત્યારે હંગામી રોજગારીના સ્થળેથી આવશ્યક ચીજવસ્તુનો જથ્થો મળી રહે તે હેતુથી રોમિંગ રૅશનકાર્ડની યોજના રાજ્યસરકારે સૌપ્રથમ વાર દાખલ કરી છે.

**(5) વૃક્ષારોપણ :**

ગુજરાતમાં વનખાતું, શાળાનર્સરી અને ઉછેર, લોકભાગીદારી, સામાજિક સંસ્થાઓ અને સરકારના પ્રયત્નોથી ગુજરાતમાં વૃક્ષારોપણ પ્રથમ સ્થાને છે.

**(6) શિક્ષણ :**

- રાજ્યમાં એક પણ કન્યા અભણ રહે નહિ તે માટે કન્યાકેળવણીને વિશેષ મહત્ત્વ અપાયું છે.
- પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે વિદ્યાસહાયકોની ભરતી કરી તેમજ તેમને તાલીમ આપીને સજ્જ કરવામાં આવે છે.
- કન્યાકેળવણીને પ્રોત્સાહન આપવા માટે કન્યાબૉન્ડ આપવામાં આવે છે.
- શિક્ષણમાં થતો અપવ્યય રોકવા માટે શાળા છોડી જતાં બાળકોનું પ્રમાણ ઘટાડવું.
- શાળામાં બાળકોની વિનામૂલ્યે આરોગ્યતપાસણી કરવી.
- તમામ બાળકોને વીમાસુરક્ષાકવચ પૂરું પાડતી વિદ્યાકીય યોજના ચાલે છે. આ યોજના ઉચ્ચ શિક્ષણને પણ લાગુ પાડવામાં આવી છે.

**(7) શિષ્યવૃત્તિઓ :**

અનુસૂચિત જાતિ - જનજાતિ અને બક્ષીપંચના ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને રોકડ શિષ્યવૃત્તિ, છાત્રાલયની સુવિધા, અસ્વચ્છ (ગંદા) વ્યવસાયમાં રોકાયેલાંને ખાસ શિષ્યવૃત્તિ, તેજસ્વી બાળકોને ખ્યાતનામ શાળાઓમાં ભણવાની તક, પ્રાથમિક શાળાનાં અનુસૂચિત જાતિ-જનજાતિને ગણવેશની સહાય આપવામાં આવે છે.

**(8) શૈક્ષણિક વિકાસ માટે નિવાસી સગવડો :**

જ્યાં ભણવાની સગવડ નથી તેવાં બાળકોને છાત્રાલયોમાં ખાસ વિનામૂલ્યે સગવડ આપવામાં આવે છે. તેમાં અનુસૂચિત જાતિ-જનજાતિ - બક્ષીપંચ અને સંખ્યાના પ્રમાણમાં 10 % સવર્ણ બાળકોને તક મળે છે.

**(9) શ્રમયોગી યોજના :**

રાજ્યમાં ગરીબીમાં ઘટાડો થાય અને સૌથી ગરીબમાં ગરીબ કુટુંબ ગરીબીરેખાની ઉપર આવે, આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરે, સન્માનપૂર્વક જીવતું થાય તે માટે સંકલિત યોજનાઓ દ્વારા શ્રમયોગી યોજના અમલમાં મૂકવામાં આવી છે. ગ્રામસભા શ્રમયોગીઓને પસંદ કરે છે.

આ શ્રમયોગીઓને ફળાઉ રોપા, આવાસ, કૌશલ્યસુધારણાની તાલીમ તેમજ નાનાં પશુઓ ખરીદવા માટે લોન આપવામાં આવે છે.

આદિવાસી ખેડૂતોને જંગલની જમીન ખેડવાના અધિકારોની સનદો, ગૌણ વનપેદાશોને વેચાણ માલિકી હક્કના અધિકારો અને જંગલનું લાકડું વાપરવાના હક્કો તથા આદિવાસી યુવાનો માટે ખાસ લશ્કરી ભરતી-મેળો, પછાતવર્ગની તેમજ વનવાસી કન્યાઓને વિદ્યાસાધના યોજના, વિનામૂલ્યે સાયકલો વગેરે યોજનાઓના લાભ અપાય છે.

**(10) સામાજિક સુરક્ષા :**

વંચિત સમુદાયને સામાજિક સુરક્ષાકવચ આપવા આ યોજના મુકાઈ છે. સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં ગરીબ કિસાન, ખેતમજૂર, શ્રમિક અને વિદ્યાર્થીવર્ગને માથે સામાજિક વીમાસુરક્ષાનું છત્ર આ યોજના પૂરું પાડે છે. આ જનસમુદાયનું વીમાનું બધું જ પ્રીમિયમ રાજ્યસરકાર ભરે છે.

**(11) આરોગ્યલક્ષી યોજનાઓ :**

(1) માતૃવંદના : ગરીબ, જરૂરતમંદ ગ્રામીણ સગર્ભા બહેનોને વિનામૂલ્યે આરોગ્યની સંપૂર્ણ તપાસ અને સારવારનું સામાજિક અભિયાન.

(2) શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંપૂર્ણ આરોગ્યતપાસ દર વર્ષે જરૂરતમંદ અને ગંભીર રોગોથી પીડાતાં બાળકોને સારવાર - શસ્ત્રક્રિયા સંપૂર્ણ સરકારી ખર્ચે કરવાનું અભિયાન છે. વિનામૂલ્યે ચશ્માં અને ગંભીર રોગોમાં પીડાતા વિદ્યાર્થીઓને આધુનિક તબીબી સારવાર આપવામાં આવે છે.

(3) ગ્રામીણ ક્ષેત્રોમાં જનભાગીદારીથી નેત્રચિકિત્સા સારવાર, ટીબી (ક્ષય) રોગનિદાન સારવાર, આરોગ્યવિષયક સારવાર અને શસ્ત્રક્રિયા શિબિરોનું આયોજન થાય છે. વનવાસી ક્ષેત્રમાં ગંભીર રોગચાળા નિયંત્રણનાં ખાસ રોગપ્રતિકારક પગલાં લેવામાં આવે છે.

**(12) ગ્રામકામદાર કલ્યાણકેન્દ્રો :**

ગુજરાત સરકાર દ્વારા દસ હજાર ખેતમજૂરોની વસ્તીએ એક કલ્યાણકેન્દ્ર તથા આદિવાસી અને પછાત-વિસ્તારોમાં તાલુકા દીઠ એક કેન્દ્ર ચાલે છે.

ખેતમજૂર અને ગ્રામીણ કામદારોનાં 3થી 6 વર્ષની વયનાં બાળકો માટે બાલવાડી જેવાં સંસ્કારકેન્દ્રો અને પુસ્તકાલયપ્રવૃત્તિ ચલાવવામાં આવે છે.

**(13) મીઠાકામદાર કલ્યાણકેન્દ્રો :**

મીઠું એ કુદરતી રીતે પાકતું અને દરેકને માટે જરૂરી છે. તે તૈયાર કરવા માટે જે અગરિયા કામ કરે છે તેમના કલ્યાણ માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ અનેક પ્રવૃત્તિઓ કરે છે.

રાજ્યના 35 તાલુકાઓમાં 45 મીઠાકામદાર કલ્યાણકેન્દ્રો આવેલાં છે. મીઠું પકવતા મીઠાકામદારો માટે બાલવાડી, પુસ્તકાલય, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, પ્રાથમિક સારવાર તેમજ રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારોની ઉજવણી થાય છે.

નવેમ્બરથી એપ્રિલ માસના સમયગાળા દરમિયાન મીઠાનું ઉત્પાદન થતું હોઈ તેવાં સ્થળોએ મોસમી બાલવાડી સાથે ઘોડિયાઘર ચલાવવામાં આવે છે જેમાં બાળકોને શિક્ષણ અને નાસ્તો આપવામાં આવે છે. 'ગણતર' જેવી કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ પણ આ કામગીરી કરે છે.

કામદારોને કામના અને વસવાટના સ્થળે તાત્કાલિક સારવાર આપવામાં આવે છે.

મીઠાકામદારો માટે તાડપત્રીના તંબુ, કામચલાઉ શેડ માટે 75 % સરકાર તરફથી રૂ. 3000ની મર્યાદામાં સહાય, પાકા આવાસ બાંધવા ક્વાર્ટર્સ દીઠ રૂ. 3000ની મર્યાદામાં સહાય, કામદારોના વિકાસ અને આરોગ્ય માટે શિબિરો તેમજ ગંભીર રોગોમાં સહાય - મદદ કરવાની યોજના છે.

**(14) ગ્રામહાટ / હસ્તકલાહાટ :**

ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓનાં વેચાણપ્રદર્શન માટે ખાસ ગ્રામહાટ અને કારીગરો માટે વેચાણબજાર વ્યવસ્થા કરવામાં આવે છે. કારીગરોને હસ્તકલાહાટ દ્વારા સ્વરોજગારી માટે મદદ કરવામાં આવે છે.

**(15) પશુપાલકો માટે સહાય યોજના :**

રબારી-ભરવાડ માટે ઊંટ-સાંઢણી ખરીદવા સારુ રૂ. 10,000/-ની સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત ઘાસચારો ખરીદવા લોન પણ આપવામાં આવે છે.

વિશેષમાં પછાતજાતિના ઉત્કર્ષ માટે પ્રાઇમ મિનિસ્ટર રોજગાર યોજના, માનવગરિમા યોજના, ગરીબલક્ષી લેધર ટ્રેનિંગ યોજના, સંત સુરદાસ યોજના, ઝૂંપડાં વીજળીકરણ યોજના, પૂ. સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ, કુંવરબાઈનું મામેરું, માઈ રમાબાઈ સાત ફેરા સમૂહલગ્ન યોજના અને સત્યવાદી રાજા હરિશ્ચન્દ્ર કફન-કાઠી સહાય જેવી યોજનાઓ અમલમાં છે.

ભારત સરકારનું ગ્રામીણ વિકાસ મંત્રાલય અને ગુજરાત રાજ્ય દરિદ્રતાના છેલ્લે પગથિયે બેઠેલા માનવી સુધી પહોંચીને કલ્યાણરાજ્યનો મંત્ર સિદ્ધ કરવા પ્રયત્નશીલ છે. આ રીતે વંચિતો, વિકલાંગો કે પછી

ગરીબીરેખાથી નીચેના કોઈ પણ નાગરિકોને આવરી લેવામાં આવ્યા છે જેથી સમાજમાં આર્થિક અસમાનતા, શોષણ અને ગરીબી દૂર થશે. એક શ્રમમૂલ્ય શોષણવિહિન સમાજ રચવાની કલ્યાણકારી, સર્વોદય પરિકલ્પના સાકાર બની રહેશે.

## સ્વાધ્યાય

**1.** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો :

(1) આયોજનપંચની સ્થાપના કઈ સાલમાં થઈ ? ☐
- (1) ઈ.સ. 1950
- (2) ઈ.સ. 1953
- (3) ઈ.સ. 1947
- (4) ઈ.સ. 1952

(2) પંચવર્ષીય યોજના કઈ સાલથી અમલમાં આવી ? ☐
- (1) ઈ.સ. 1956
- (2) ઈ.સ. 1947
- (3) ઈ.સ. 2001
- (4) ઈ.સ. 1951

(3) સુરક્ષિત પીવાનું પાણી પ્રતિવ્યક્તિ-પ્રતિદિન કેટલું મળવું જોઈએ ? ☐
- (1) લગભગ 20 લિટર
- (2) લગભગ 40 લિટર
- (3) લગભગ 05 લિટર
- (4) લગભગ 25 લિટર

(4) ભૂમિગત સ્ત્રોતથી કેટલા ટકા પીવાનું પાણી મળે છે ? ☐
- (1) 70 %
- (2) 75 %
- (3) 85 %
- (4) 90 %

(5) જવાહર ગ્રામસમૃદ્ધિ યોજના ક્યારથી શરૂ થઈ ? ☐
- (1) ઈ.સ. 1999
- (2) ઈ.સ. 1997
- (3) ઈ.સ. 2001
- (4) ઈ.સ. 1953

(6) મીઠાનું ઉત્પાદન કયા મહિનાઓ દરમિયાન થતું હોય છે ? ☐
- (1) જૂનથી સપ્ટેમ્બર
- (2) નવેમ્બરથી એપ્રિલ
- (3) ઑક્ટોબરથી ડિસેમ્બર
- (4) જાન્યુઆરીથી એપ્રિલ

**2.** નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :

(1) વિકસિત દેશોની વ્યાખ્યા આપો.

(2) વિકસિત દેશોમાં કયા કયા દેશોનો સમાવેશ થાય છે ?

(3) ચોથા વિશ્વના દેશોમાં કયા કયા દેશોનો સમાવેશ થાય છે ?

(4) અલ્પવિકસિત દેશોની વ્યાખ્યા આપો.

(5) પંચવર્ષીય યોજનાએ આપેલી અલ્પવિકસિત દેશની વ્યાખ્યા આપો.

(6) ખરાબાની કે પડતર જમીનની સુધારણા માટે કઈ યોજના કામ કરે છે ?

(7) રણની અસર નાબૂદ કરવાના પ્રયત્નો કઈ સંસ્થા કરે છે ?

(8) જવાહર ગ્રામસમૃદ્ધિ યોજનાનો હેતુ જણાવો.

**3.** કારણો આપો :

(1) ગરીબીરેખા નીચેનાં કુટુંબોને મળતા લાભો માટે ગ્રામસભા મહત્ત્વની સંસ્થા છે.

(2) જળ એ જીવન છે.

(3) ગંદકી વિષેના ખ્યાલો હવે બદલાયા છે.

(4) પ્રાથમિક શાળાઓમાં પાયખાનાં અને અન્ય સફાઈની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

(5) રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના વૃદ્ધો માટે આશીર્વાદરૂપ છે.

(6) શ્રમયોગી યોજનાથી ગરીબોમાં આર્થિક સદ્ધરતા પ્રાપ્ત થાય છે.

(7) રણક્ષેત્રોના લોકો ગરીબ હોય છે.

**4.** ટૂંક નોંધ લખો :

(1) ગ્રામપંચાયત

(2) રુરલ વૉટર સપ્લાય પ્રોગ્રામ

(3) સેન્ટ્રલ રુરલ સેનિટેશન પ્રોગ્રામ

(4) ગોકુળગ્રામ યોજના

(5) મીઠાકામદાર કલ્યાણકેન્દ્રો

**5.** નીચેના પ્રશ્નોના 8થી 10 વાક્યોમાં જવાબ આપો :

(1) પંચવર્ષીય યોજનાઓનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

(2) પ્રધાનમંત્રી સડક યોજનાનું મહત્ત્વ જણાવી કામગીરીની નોંધ કરો.

(3) રુરલ હાઉસિંગ યોજના દ્વારા મળતા લાભો વિગતે જણાવો.

(4) વંચિતોના વિકાસ કાર્યક્રમમાં વિવિધ વર્ગોને થતી અનાજવિતરણની વિગતો સમજાવો.

(5) વૃદ્ધાવસ્થા પેન્શન યોજના અને રાષ્ટ્રીય કુટુંબ લાભકારી યોજના વિશે વિગતે લખો.

(6) સવર્ણજયંતી ગ્રામસ્વરાજ યોજનાની વિગતો રજૂ કરો.

(7) ગ્રામકામદાર કલ્યાણકેન્દ્રો કઈ-કઈ પ્રવૃત્તિ કરે છે?

●